શૈક્ષણિક વર્ષ :-

# ૨૬ મી જાન્યુઆરી ૨૦૧૯ કાર્યક્રમની ઉજવણીનો અહેવાલ...

શાળાનું નામ :-

કેન્દ્રવતી શાળાનું નામ :-

તાલુકો :-

જીલ્લો :-

સ્થાપના વર્ષ :-

## અહેવાલ લેખન

અત્રેની શાળા શ્રી મોટાકરણપુરા પ્રાથમિક શાળામાં 26 મી જાન્યુઆરી 2019 નિમિત્તે વાલી સંમેલનમાં “દીકરીની સલામ દેશને નામ” કાર્યક્રમની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું.

સદર કાર્યક્રમની શરૂઆત કરતા પહેલા સૌપ્રથમ દર વર્ષની જેમ 26 મી જાન્યુઆરી 2019 પ્રજાસત્તાક દિન નિમિત્તે શાળામાં બાળકો અને સ્ટાફ સમયસર હાજર રહી સવારે 7:00 કલાકે શાળાના મેદાનમાં ભેગા થયા ત્યારબાદ ગાંધીજીને પ્રિય એવા ગીતોના ગાન સાથે ગામમાં આઝાદીનો નાદ ગુંજે એ માટે શાળાની બાળાઓ દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું શિક્ષકો અને બાળકોએ આઝાદીના ગીતો ગાતા ગાતા સમગ્ર ગામમાં પ્રભાત

ફેરી કાઢવામાં આવી, ત્યારબાદ શાળાના સંકુલમાં ભેગા થઇ ધ્વજવંદન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી બાળકો, શિક્ષકો , ગામજનો અને પધારેલ મહેમાનો સાથે મળી રાષ્ટ્રગીતનું ગાન કરી ગામમાં સૌથી વધારે ભણેલી દીકરીના હાથે ધ્વજ વંદન વિધિ માટે રાષ્ટ્ર ધ્વજ ફરકાવવામાં આવ્યો બધાએ સાથે મળી રાષ્ટ્રની ગરિમા સમાન રાષ્ટ્રધ્વજને સલામી આપી ત્યારબાદ પ્રજાસત્તાક દિન નિમિતે મુખ્ય મહેમાન શ્રી એ બે બોલ કહ્યા પછી શાળાના ભૂલકાઓને પોતાની વાણીને વાચા આપવા માટે પોતાની કાલીઘેલી ભાષામાં મુક્ત પણે પોતાના વિચારોને રજૂ કરવાની તક આપવામાં આવી. બાળકો એ દેશની વર્તમાન, ભૂતકાળ અને ભવિષ્યકાળની પરિસ્થિતિ ને લગતી વાતો તેમજ ભારતના ભૂતકાળને વાગોળતા ભારતીય સંસ્કૃતિ અને પૌરાણિક પાત્રો તેમજ દેશના ઘડવૈયાઓ વિશેની પોતાની લાગણી અને અભિપ્રાયો મુક્તપણે સુંદર શબ્દોમાં વ્યક્ત કર્યા.

ત્યારબાદ શાળાના બાળકોએ જે સાંસ્કૃતિક કાર્યક્રમની તૈયારી કરી હતી, તે બાળકો દ્વારા રજૂ કરવામાં આવી બાળકોએ પોતાની એકથી એક ચડિયાતી નાટ્યકૃતિઓ ગ્રામજનો સમક્ષ રજૂ કરી ગામમાંથી પધારેલ તમામ વાલીઓએ પોતાના બાળકોને પ્રોત્સાહિત કરવા માટે ઇનામોની જાહેરાત કરી કાર્યક્રમના અંતે બાળકોને પ્રોત્સાહિત કરવા માટે ગામમાંથી પધારેલ અગ્રણી વ્યક્તિ દ્વારા બાળકોને ઇનામ વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં.

શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ “દીકરીની સલામ દેશને નામ” કાર્યક્રમ અંતર્ગત શાળામાં ગામમાંથી ચાલુ વર્ષમાં જન્મેલી દીકરી અને તેના માતા-પિતાને શાળાના સ્ટાફ તથા એસ.એમ.સી.ના સભ્યો દ્વારા સન્માન આપવામાં આવ્યું અને દરેક ને “સન્માન પત્ર” આપવામાં આવ્યું. શાળાના આચાર્યશ્રીએ “બેટી બચાવો,બેટી પઢાવો” અન્વયે ગામજનો સમક્ષ પોતાના વિચારો વ્યક્ત કર્યા અને સમજ આપી કે સ્ત્રીઓના ઉદ્ધાર માટે આજે સ્ત્રી કેળવણી મહત્વની છે, જે સમજાવતા તેમણે ઉમેર્યું કે સ્વામી દયાનંદે લખ્યું છે કે : “એક પુરુષ શિક્ષિત અને સુસંસ્કૃત હોય તો માત્ર તે એકલો જ ઉપયોગી બને છે પરંતુ એક સ્ત્રી શિક્ષિત, સમજદાર અને સુયોગ્ય હોય તો સમગ્ર કુટુંબ સુદ્રઢ બનાવે છે.” સ્ત્રી - પુરુષની સંખ્યામાં પ્રવર્તતી અસમાનતા દૂર કરવી તથા છોકરીઓને શૈક્ષણિક તથા આર્થિક રીતે ઉજવળ ભવિષ્ય પ્રદાન કરવું તે આ યોજનાનો મુખ્ય ઉદેશ્ય છે.

ત્યાર બાદ ગામમાં સૌથી ભણેલી દીકરીનું સન્માન કરી તેને સ્મૃતિ ચિન્હ આપવામાં આવ્યું પછી વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું. તેમાં શાળાના આચાર્ય અને એસ.એમ.સી.ના સભ્યો દ્વારા શાળા કક્ષાએ બાળકોના શિક્ષણ અને શાળાની ભૌતિક જરૂરિયાતોના વિષય પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. જેમાં શાળા સંકુલની સફાઈ,પાણીની વ્યવસ્થા,બાગ - બગીચાની દેખરેખ,ગામની સફાઇ,શાળાને રોગચાળાથી મુક્ત કઈ રીતે રાખવી વગેરે વિષયો પર ચર્ચા કરવામાં આવી તેમજ બાળકોના શિક્ષણ પર વાલીઓ પૂરતું ધ્યાન આપે અને બાળકોને સુવ્યવસ્થિત કરી નિયમિત શાળાએ મોકલે તેમજ શાળા સંકુલની જાળવણી તથા શાળાના સ્ટાફને વાલીઓ અને ગામજનોનો સહકાર મળી રહે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી.

કાર્યક્રમની પૂર્ણાહુતિ સ્વરૂપે શાળાના શિક્ષકશ્રી દ્વારા પધારેલ ગ્રામજનો, યુવાનો, મહેમાનો, સ્ત્રીઓ અને બાળકોનો આ રાષ્ટ્રીય પર્વને સફળ બનાવવામાં પોતાની

હાજરી આપી એ બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો અને સર્વે જન એકબીજાને મળીને છુટા પડયા.

□ કાર્યક્રમના અંતે બાળકોને ગામ દ્વારા બટુક ભોજન કરાવવામાં આવ્યું, બાળકો બટુક ભોજન કર્યા બાદ આનંદ અને ઉત્સાહમાં આવી કુદતા-કુદતા પોતાના ઘર તરફ જતા નજરે પડયા.

□ આ રીતે આ પ્રજાસત્તાક પર્વની ઉજવણી સુંદર અને સુવ્યવસ્થિત આયોજન સાથે સુપેરે સંપન્ન થઈ.

## ધ્વજ વંદન કરનાર દીકરીની વિગત

| ક્રમ | દિકરીનુ પુરુ નામ | માતાનું નામ | ગામનો વિસ્તાર | અભ્યાસ |
|---|---|---|---|---|
| | | | | |

## ગામમાં નવી જન્મેલી દીકરીઓની સંખ્યા

| ક્રમ | દીકરી નું પૂરું નામ | માતાનું નામ | ગામનો વિસ્તાર | જન્મ તારીખ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

## ફોટોગ્રાફી